कल्, (अ) आ. १ शब्दसंख्यानयोः. १ શબ્દ કરવો, २ ગણવું, ખટકળવું. कलते शृगालः શિયાલ બોલેછે. कलते धनं धनवान् ધનવાન્ ધનને ગણેછે. संकलते, परिकलते, प्रत्याकलते, विकलते. उत्कलते = ऊकलइ = ઉકળે, हे०णी–उत्कालयति = ऊकालइ = ઉકાળે. कलना, संकलना. कल्कः, कालः, कालिका, कल्कः (દંભ), कलिका (કળી), उत्कलिका (આનળી), कल्यम् (प्रातःकाल), कलायः (વટાણા), कललम् (शुक्रशोणितमल), कालिलम् (ગર્ભ), १ कलुषम्. २ कल्मषम् (પાપ), १ कल्माषः, २ कल्मासः (चित्र), कलिः (યુદ્ધ), उत्कालः = ઊકાળો.

कल्, उ० १० गतौ संख्याने च. १ જવું. २ સંખ્યાકરવી. ગણવું. કલવું. માપવું. कलयति–ते दिवसान् દિવસોને ગણેછે. कला.

कल्, (अ) उ. १०. क्षेपे. ફેંકવું, ગમાવવું. कालयति–ते ગમાવેછે. कालः, निकालः, कालना. १ कालः. २ कलहः (યુદ્ધ).

[illegible], (अ) आ. १. अव्यक्ते शब्दे तूष्णीभावे च. १ અસ્પષ્ટ શબ્દ કરવો, ૨ મૌન રહેવું. कल्लते स्वरः સ્વર ભૂકેછે. कल्लः, कल्लोलः (તરંગ).

[illegible], (अ) आ. १. वर्णे. वर्णः वर्णनं शुक्लादिश्च. १ વર્ણન કરવું, ૨ ચિત્રવું, રંગવું. कर्वते. कर्बुरः (કાબરૂં).

कश्, (अ) प. १. शब्दे. શબ્દ કરવો. कशति શબ્દ કરેછે. प्रतिष्कश (અ-ગ્રેસર, આગળ ચાલનાર દૂત). ग्राममद्य प्रवेक्ष्यामि भव मे त्वं प्रतिष्कशः–હમણાં હું ગામમાં જઉછું તું આગળ થા. कशा (ચર્મલાકડી, ચાબુક). काशः= (તૃણ-જાતિ), काश्मीरः (દેશ), कश्मलम् (મૂર્છા).

कश्, (अ) आ. २. गतिशासनयोः. १ જવું, ૨ આજ્ઞાકરવી. कष्टे જાયછે ह०. कशा.

कष्, (अ) प. १. हिंसार्थः. હણવું. कषति હણેછે. कूलंकषा (નદી), सर्वंकषः
[illegible]
[illegible]
૨ ખાતરિયું), कंडूः (ખસ), कच्छूः (ખસ).

कस्, (अ) प. १. गतौ. જવું. कसति, જાયછે. विकसति = विकसइ = વિ-કસે. विकासः, कासूः (શક્તિનું આયુધ), किसलयम् (નવુંપત્ર), विकस्वरः.

कस्, (अ) आ. २ गतिशासनयोः. १ જવું, ૨ આજ્ઞા કરવી. कस्ते, कसः.

कंस्, (इ) आ. २ गतिशासनयोः. १ જવું, ૨ આજ્ઞા કરવી. कंस्ते. कंसः (પાનપાત્ર).

काङ्क्ष्, (इ) प. १. काङ्क्षायाम्. काङ्क्षा इच्छा. ઇચ્છવું. काङ्क्षति ઇચ્છેછે. १ काङ्क्षा, २ आकाङ्क्षा (ઇચ્છા).

काच्, (इ) आ. १. दीप्तिबंधनयोः १ પ્રકાશવું, ૨ બાંધવું. બંધન કરવું. काचते પ્રકાસેછે. काचनम्, काची (મેખળા).

[illegible], उ. १०. उपदेशे. ઉપદેશ કરવો. कालयति–ते ઉપદેશ કરેછે. [illegible]

काश्, (ऋ) आ. १. आ. दीप्तौ. પ્રકાશવું. દીપવું. काशते, प्रकाशते, प्रकाशः, अवकाशः, संकाशः, प्रतीकाशः, नीकाशः, आकाशः, काशिः, काष्ठम्.

काश्, (ऋ) आ. ४. दीप्तौ. દીપવું, પ્રકાશવું. काश्यते દીપેછે. प्रकाशः, अव-काशः नीकाशः, प्रतीकाशः, आकाशः, काशी, काष्ठम्.

कास्, [illegible] કરે
कास [illegible]

कि, प. १. ज्ञाने. જાણવું. कयति. केकर (વક્રદષ્ટિ).

कि, प. ३. (वे०) જાણવું. चिकेति જાણેછે.

किट्, (अ) प १. गतौ. જવું. केटति જાયછે. **किट्टम्** = કીટું.

किट्, (अ) प. १. त्रासे. ત્રાસવું, બીવું. केटति બિહેછે. किटिमः (**માંકણ**).

किण्, (अ) प. १. (सी०) गतौ. જવુ. केणति જાયછે. केणिका (તંબુ).

कित्, (अ) प. १. व्याधिप्रतीकारे निग्रहेऽपनयने नाशने संशये च. १ રોગ મટાડવો, ૨ નિગ્રહવું, ૩ ટાળવુ, ૪ નાશ કરવું, ૫ સંશય કરવો. **चिकित्सति** आतुरं वैद्यः વૈદ્ય રોગીની ચિકિત્સા કરેછે. **चिकित्सति जारम्** જારને નિગ્રહેછે. चिकित्सति खलम् ખલને ટાળેછે. चिकित्सति क्षेत्रे तृणं ખેતરમાં તૃણને [illegible]છે. **संशये** प्रयोग विचार्यः [illegible] મન સંશય કરેછે
[illegible]

कित्, (अ) प. १. निवासे. નિવાસ કરવો, વસવું. **केतयति** વસેછે. **केतनम्**, **निकेतनम्**, **संकेतः**, **केतकी**, **कितवः** (ધુતારો).

किल्, (अ) प. ६. श्वैत्यक्रीडनयोः. १ ધોળું કરવું, ૨ ખેલવું. **किलति** ધોળેછે ३०. **किलकिला** (**અનુકરણ** શબ્દ), केलिः (ક્રીડા), **केलिकिलः** (હસનાર).

किल्, (अ) उ. १०. क्षेपे. ફેંકવું, ઉછાળવું. **केलयति** ફેંકેછે. केलिः (ક્રીડા).

किष्क्, (अ) आ. १०. हिंसायाम्. હણવું. **किष्कयते** હણેછે. किष्कुः (वितस्ति= વેહેંત).

कीट्, (अ) **उ**. १०. वर्णे बंधे च. १ રંગવુ, ૨ બાંધવું. कीटयति-ते રંગેછે ३०. **कीटः**= કીડો.

कील (अ) प. १. बंधने. ખીલવું. **कीलति** कृष्णं माता માતા કૃષ્ણને બાંધેછે. **कीलति** = **खीलइ**=**ખીલે**. **कीलकम्**, **उत्कीलितः** ઉત્કીલિઓ-ઉકેલ્યો. **संकीलितः** = **संकलिओ** = **સંકેલ્યો**. **कीलः**= ખીલો. कीलितम् = **खीलिअं** = ખીલ્યું. **कीलकः**= **ખીલડો**. **कीलालम्** (પય), कीलिः = **ખીલી**. **कीला** (જ્વાલા).

कु, (ङ) आ. १. शब्दे. શબ્દકરવો. कवते શબ્દ કરેછે. कु (પૃથ્વી), कुंजः (હસ્તી), कूर्चः (ચિત્રોપકરણમ), कूपः (કુવો.), कुररः (ચિલ), कबरी (વેણી), कविः, कबंधः (ધડ), काव्यम् (પ્રિયદેય), १ कुंजः, २ निकुंजः (વલીઓથી વીંટેલું સ્થાન).

कु, प. २. शब्दे. શબ્દ કરવો. कौति શબ્દ કરેછે. कविः, काव्यम्, कूपः = કુવો.

कु, (ङ) आ. ६. शब्दे. શબ્દ કરવો. कुवते શબ્દ કરેછે.

कु, (ञ्) उ. ९. शब्दे. શબ્દ કરવો. कुनाति, कुनीते શબ્દ કરેછે.

कुक्, (अ) आ. १. आदाने. લેવું ગ્રહવું. कोकते લેછે. कुकः, कोकः (ચકવો) कोकिलः = १ કોયલો = २ કોયલ. कुक्करः = કૂકરો = કુતરો.

कुच्, (अ) प. १. शब्देतारे तारे उच्चेरित्यर्थः. ઊંચે સ્વરે બોલવું. कोचति गायकः ગવાઇયો ઊંચેસ્વરે બોલેછે. उत्कोचः (લાંચ).

कुच्, (अ.) प. १. संपर्चनकौटिल्यप्रतिष्टंभविलेखनेषु, संपर्चनं मिश्रता. प्रतिष्टंभोरोधनम्. विलेखनं कर्षणम्. १ મિશ્ર-ભેળું કરવું, ભળવું. २ વાંકું કરવું. ३ રૂંધવું, રોકવું. ४ કોચવું. कोचति મિશ્ર કરેછે. विलेखनेर्थे कोचति= कोचइ = કોચે. कोचः, संकोच, उत्कोचः (લાંચ), संकुचितः (મીલિત, સંકુચિત)

कुच्, (अ) प. ६. संकोचने. સંકોચવુ. कुचति धनी राजभयात् રાજભયથી ધનવંત સંકોચાયછે. संकुचति = संकुचइ = સંકોચે. संकोचः.

कुंच्, (अ) प. १. कौटिल्याल्पीभावयोः. १ કુટિલતા કરવી. २ સંકોચવું. कुंचति [illegible] યોગી મનને સંકોચેછે. आ[illegible]नम्, कुंचिका (કુચી), कोलिकुंचिका (શાળી).

कुज्, (उ) प. १. स्तेयकरणे. ચોરવું. कोजति ચોરેછે.

[illegible] १. (सौ०) विस्तारे. વિસ્તારવું. कोटति વિસ્તારેછે. कुट [illegible]

कुट्, (इ) प. १. वैकल्ये. वैकल्यमविवेकः. અવિવેકી થવું, ગાંડું થવું, મોહ પામવું. कुंटति અવિવેકી થાયછે. कुंटः.

कुट्, (अ) प. ६. कौटिल्ये. કુટિલ થવું. कुटति खलः ખલ વાંકો થાયછે. कुटिलः (વાંકો), कोटः, कोटरः = કોતર (પોલ), १ कुटः, २ कुटी (ઘર), कुटी-

[illegible]

कुट्, (अ) आ. १०. छेदने प्रतापने च. १ છેદવું, ૨ પ્રતાપન કરવું, તપાવવું. कोटयते, उत्कोटयते. છેદેછે ઇ૦.

कुट्ट्, (अ) उ. १०. छेदनभर्त्सनयोः पूरणे च. १ છેદવું, ૨ ધિક્કારવું, પૂરવું. कुट्टयति-ते. कुट्टनम् = કુટવું. कुट्टाकः, कुट्टाकी, कुट्टनी = કુટ્ણી, कुट्टिमम् (પાષાણાદિબદ્ધ ગૃહભૂમિ), कोट्टः = कोट. (રાજનિવાસસ્થાન, દુર્ગ).

कुट्ट्, (अ) आ. १०. प्रतापने. તપાવવું. कुट्टयते તપાવેછે.

कुटुंब्, (अ) आ. १०. धारणे. ધારણ કરવું. कुटुंबयते ધારણ કરેછે. कुटुंबम्.

कुठ्, (अ) प. १. (सौ०) छेदने. છેદવું. कोठति છેદેછે. कुठारः (કોહાડો), कुठ (ગલકોડ).

कुठ्, (इ) प. १. गतिप्रतीघाते आलस्ये च. १ કુંઠિત થવું, ચાલતાં અટકવું. ૨ આળસ કરવું. कुंठति કુંઠિત થાયછે. कुंठितः, कुंठः (આળસુ).

कुठ्, (इ) उ. १०. वेष्टने. વીંટવું. अवकुंठयति-ते. अवकुंठति વીંટેછે.

कुड्, (अ) प. ६. बाल्ये घसने च. १ બાળપણું કરવું, ૨ ખાવું. कुडति ज्ञानी જ્ઞાની બાળપણું કરેછે. कुडवः (પાસેર).

कुड्, (इ) आ. १. दाहे. પકાવવું, બાળવું. कुंडते कुंडं कुंभकारः કુંભાર કુંડાને પકાવેછે.

कुड्, (इ) प. १. वैकल्ये. वैकल्यमविवेकः મોહિત થવું, ગાંડું થવુ, અવિવેકી થવું. कुंडति મોહિત થાયછે. कुंडः, कुंडी.

कुड्, (इ) उ. १०. रक्षणे. રાખવુ. कुंडयति-ते. कुंडति રાખેછે.

कुण्, (अ) प. ६. शब्दोपकरणयोः. १ શબ્દ કરવો, ૨ ઉપકાર કરવો. कुणति काकः કાગ શબ્દ કરેછે. कुणः (શબ્દ), कोणः = खोणो = ખૂણો. कुणपम् (મડું), कुंतः (ભાલો).

कुण्, उ. १०. आमंत्रणे. आमंत्रणं गूढोक्तिः છાનું કહેવું. कुणयति-ते છાનું કહેછે.

कुत, (अ) प. १. (सौ०) आस्तृतौ. પાથરવુ. कोतति પાથરેછે. कुतप (૧ મૃગરોમ વસ્ત્ર, ૨ દિવસનો આઠમો ભાગ).

कुत्स. (अ) आ. १०. अवक्षेपणे. દોષદેવો, ધિક્કારવું, નિંદવું. कुत्सयते कुत्स्य साधुः સાધુ નિંદાને નિંદેછે. कुत्सितः (નિંદિત), कुत्सा (નિંદા), कुत्सनम.

कुथ. (अ) प. ४. पूतीभावे. पूतीभावः दुर्गंधः क्लेदः. દુર્ગંધ ભરેલું કહોવું, દુર્ગંધાવું. कुथ्यति मृतकः મડું કહોયછે. कुथ्यति = कुहइ = कोहइ. कोथः= કોહ. कुथितं = कुहिअं = કોહયું. कुथुमः= (ऋषि), कुथुमम् (મૃગચર્મ), कुथः (આભ).

कुथ्, (इ) प. १. हिंसासंक्लेशनयोः. हिंसा प्राण्युपघातः, संक्लेशोबाधा. ૧ હણવું, ૨ દુઃખીથવું. कुंथति रावणं रामः રામ રાવણને હણેછે, कुंथितम्.

कुंथ्, (अ) प. ९. संश्लेषणे संक्लेशने च. ૧ મળવું, ચોટવું, ૨ પીડવું, દુઃખીથવું. कुथ्नाति મળેછે ઇ૦. कुथः (પાથરવાનો કાંબળો), कुंथुः (સૂક્ષ્મ જંતુ), कुंथुकाः= કુંથુઆ. कुथा (કંથા).

कुद्र, (इ) उ. १० अनृतभाषणे. ખોટું બોલવું. જૂઠું બોલવું. कुंद्रयति–ते. गुंद्रा (નાગરમોથ).

कुप, (अ) प. ४. क्रोधे. કોપવું. कुप्यति કોપેછે. कोपः, कोपनः, कुपितः= कुपि- ओ = કોપ્યો.

कुप, (अ) उ. १०. भाषार्थे भासार्थे च. ૧ બોલવું, ૨ દીપવું. कोपयति–ते બોલેછે ઇ૦.

कुंब, (इ) प. १. आच्छादने. ઓછાડવું, ઢાંકવું. कुंबति ઓછાડેછે कुंबा (કૂબો).

कुब, (इ) उ. १०. आच्छादने. ઓછાડવું, ઢાંકવું. कुंबयति–ते. कुंबति ઓછાડેછે.

कुभ, (इ) उ. १०. आच्छादने. ઓછાડવું, ઢાંકવું. कुंभयति–ते. कुंभति ઓછાડેછે.

कुमार, उ. १०. क्रीडायाम्. રમવું. ખેલવું. कुमारयति–ते गोकुले कृष्णः કૃષ્ણ ગોકુળમાં રમેછે. कुमारः, कुमारी, कौमारं.

कुर्, (अ) प. ६. शब्दे. શબ્દ કરવો. कुरति. શબ્દ કરેછે. [illegible]
कुरंगः (મૃગ).

कुर्द्, (अ) आ. १. क्रीडायाम्. રમવું, ખેલવું. कूर्दते = कूदइ = [illegible]
नम् (ક્રીડા).

कुल्, (अ) प. १. संस्त्याने बंधुषु च. संस्त्यानं संघातः, बंधुशब्देन [illegible]
गृह्यते. ૧ સમૂહ કરવો, એકઠું કરવું. ૨ બંધુકરવા, સગા કરવા. कोलति એકઠું
કરેછે ह०. कोलः (સૂઅર), कोलम् (બોર), कुलम्, मकुलः = नउलो = નોળ.
कुलालः, कुड्यं (ભીંત). कुल्या (૧ નદી, ૨ નીક), कोलिः (બોરડી), कुलायः
(પંખીનો માળો).

कुश्, (अ) प. ४. श्लेषणे. મળવું, આલિંગન કરવું. कुश्यति મળેછે. कुशः
(ડાભ), कुशी = कुसी = કોશ. ૧ कोशः, ૨ कोशी (કોથળી), बीजकोशी
(શીંગ), कुशलम् (क्षेम), कुशम् (जल), कोशातकी (તુરીયુવેલ), कोशिका (પાણી
પીવાની લોટી).

कुश्. (इ) उ. १०. भाषार्थे भासार्थे च. ૧ બોલવું, ૨ દીપવું. कुंशयति-ते.
कुंशति બોલેછે ह०.

कुष्, (अ) प. ९. निष्कर्षे. निष्कर्षो बहिःकर्षणम्. બાહર ખેંચવું, તાણવું.
कुष्णाति स्वर्णं स्वर्णकारः સોનાર સોનાને બાહર ખેંચેછે. कुषीतकः (ऋषि),
कोष्टः (કોઠાર), कुष्टम् (કોઢીઓ રોગ), प्रकोष्टः (बाहु), कुक्षि (પેટ), निष्कोषणम्
(બાહર ખેંચવું), कुशाकुः (અગ્નિ), कूष्मांडः, निष्कुषितः, निष्कुषितवान्, कोषः

कुषुभ, प. ११. क्षेपे. ફેંકવું. कुषुभ्यति कंदुकं विलासी. વિલાસી દડાને ફેંકેછે.

कुस्, (अ) प. ४. संश्लेषणे. [illegible]
વર વહૂને મળેછે. कुसूलः [illegible]
(કસુંબાનું ઝાડ).

कुस्, (इ) उ. १०. भाषार्थे भासार्थे च. ૧ બોલવું, ૨ દીપવું. कुंसयति-ते,
कुंसति બોલેછે ह०.

कुस्म (अ) आ. १०. कुस्मयने. कुत्सितं स्मयनं कुस्मयनम्. ખાળ ચપ્રવવા
જેવું હસવું. कुस्मयते ખાળ ચપ્રવવા જેવું હસેછે. प्रकुस्मयते, आकुस्मयते.

कुह, आ. १०. विस्मापने. વિસ્મય ઉપજાવવો. कुहयते कुहको मायया विश्रम કપટી કપટેકરી વિધને વિસ્મય ઉપજાવેછે. कुहक: (વિસ્મય ઉપજાવનાર), कुहक=कुहको= ઠોઠપે. कुहकम् (આશ્ચર્ય), कुहा (ગ્નિકનદી), कुहना (દંભ), १ कुहु:, २ कुहू: (નષ્ટચંદ્રા અમાવાસ્યા), मिकुह: (કોતર).

कू (ङ) आ. ६. शब्दे. શબ્દ કરવો. कुवते काक: કાગ શબ્દ કરેછે.

कू, (ञ) उ. ९. शब्दे. શબ્દ કરવો. कूनाति, कूनीते શબ્દ કરેછે.

कूज, (अ) प. १. अव्यक्त शब्दे. અસ્પષ્ટ શબ્દ કરવો. कूजति અસ્પષ્ટ શબ્દ કરેછે. कूजितम् (પક્ષીઆદિ શબ્દ).

कूट, (अ) आ. १०. आमदाने अवसादे अमसादे च अवसादोऽ नुत्साहो नाशश्च. १ આપીદેવું, २ ઉત્સાહ ન ધરવો, ३ નાશ કરવો, ४ અપ્રસન્ન થવું. कूटयते આપી દેછે ઇ०. कूट= કુંપે.

कूट, ड. १०. प[illegible]
કરવો, દુઃખ કર[illegible]
ते खल: ખલ [illegible]

कूड, (अ) प. ६. दार्ढ्ये घनसे च. १ દૃઢ કરવું. २ જમવું. कूडति દૃઢ કરેછે. कूडति घासं वृष: બળદ ઘાસ ખાયછે.

कूण, (अ) आ. १० संकोचने. સંકોચવું. कूणयते मुखम् મુખ સંકોચેછે. कूणि: (ટુંઠો).

कूण, ड. [illegible] रोगी નેત્ર સંકોચે છે.

कूल, (अ) प. [illegible] ઢાંકેછે. अनुकूलति. कूलम् (તીર), अनुकूलम्, प्रतिकूलम्.

कृ (ञ) उ. ५. हिंसायाम्. હણવું, कृणोति, कृणुते. कृतं (યુગ).

कृ, (डु, ञ) उ. ८. करणे. કરવું. करोति, कुरुते करोति वा कटं कारु: શિલ્પી કડો કરેછે. करोति = કરઈ = કરે, कर्ता, कर्त्री, कारक:, कारिका, प्रकार:, अनुकार:, निकार: (ભિન્ન), विकार:, आकार:, निराकार:, अधिकार:, उपकार:, अपकार:, संस्कार:, प्रकार:, परिष्कार:, अलंकार:, कृत:, प्रकृत:, अनुकृत:, विकृत:, अधिकृत:, उपकृत:, संस्कृत:, परिष्कृत:, अलंकृत:, करणम्, प्रकरणम्, अनुकरणम्, निराकरणम्, अधिकरणम्, उपकरणम्, व्याकरणम्, कृत्यम्, कार्यम्, कृत्रिमम्, कर:, प्रकर:, सुकर:,

दुष्करः, किंकरः, किंकरी, यशस्करी (विद्या), शकृत्करिः (વત્સ), स्तंबकरिः (વ્રીહિ), कर्मकरः (ચાકર), कर्मकारः= કામગરો (કામ કરનાર), कार्मणम् = કામણ, कार्मणकारः = કામણગારો. क्षेमंकरः, मेघंकरः, भयंकरः, नमंकरणं यूतम्. अलंकरिष्णुः, निराकरिष्णुः, कृतिः, प्रकृतिः, विकृतिः, सुकृतिः, अनुकृतिः, आकृतिः, उपकृतिः, कारा [illegible]

[illegible]

કપાસ. कारिः (નારી), १ करी (+ इन् हस्ती), २ करेणुः (હસ્તી), क्रतुः, (યજ્ઞ), कर्म (+ न) = कम्म = કામ. क्रिया, कुरुः (દેશભેદ), कुंभकारः, दिवाकरः, निशाकरः, भास्करः, बहुकरः, मियंकरः, मियकरः, कर्मकृत्, मंत्रकृत्, पुण्यकृत्, शास्त्रकृत्, भाष्यकृत्.

कृड्, (अ) प. ६. घनत्वे घसने च. घनत्वं सांद्रत्वम्. घसनं भक्षणम्. १ સઘડ [illegible]

[illegible]

कृडइ = કરડે. कृडः = કરડ. कृडितुम् = કરડવા.

कृत्, (ई) प. ६. छेदने. छेदनुं. कृंतति वृक्षं कृषिः ખેડુ ઝાડને કાપેછે. कृत्तिका (નક્ષત્ર). कृत्नम् (ઝગડ. ગર્ભ). कूरः (ચાકુક). कृत्नम् (ત્પ), कर्त्तरिः= કાતર. कर्त्तनम् ક્રતન, कृत्नम् ક્રિયા.

कृन्, (ई) प. ७. वेष्टने. वीटवुं. कृणत्ति तरुं कंटकैन मार्ला માળી ઝાડને કાંટા વડે વીટેછે. कृत्तः (वेष्टित), कृत्तिका (નક્ષત્ર), तर्कः (અનુમાન), तर्कुः = तर्कः = ત્રાક.

कृप्, (ऊ) आ. १. सामर्थ्ये. રચવું, ઘડવું, કલ્પવું. कल्पते मोक्षाय મોક્ષમાટે કલ્પે છે, कल्पना, कृप्तः, कृप्तिः, कल्पम्, कल्पः (પ્રલયકાલ), कृपीटम्.

कृप्, (क) उ. १०. सामर्थ्ये. કલ્પવું, રચવું. कल्पयति–ते वृत्तिं राजा રાજા આજીવિકાને રચેછે.

कृप. (श) उ. १० अवकल्कने. अवकल्कनं मिश्रीकरणम्. મિશ્ર=ભેળું કરવું. कल्पयति–ते ભેળું કરેછે

कृप, उ. १०. दौर्बल्ये दुબળું થવું–કરવું. कृपयति ते દુબળો થાય–કરેછે. कृपा (દયા).

कृ, (इ) प. ९ हिंसाकरणयोः गतौ च. १ હણવું, २ કરવું, ३ જવું. कृणोति હણેછે इ०.

कृश, (अ) प. ४. तनूकरणे. પાતળું- દુબળું કરવું. कृशयति देहं रोगः રોગ શરીરને પાતળું કરેછે. कृशः (પાતળો), कृशानुः (અગ્નિ).

कृष, (अ) प. १. विलेखने. विलेखनं हलोत्कर्षणम्. ખેડવું, ઉખેડવું. कर्षति क्षेत्रं कृषकः ખેડુ ખેતરને ખેડેછે. कर्षणम्, आकर्षणम्, प्रकर्षः, उत्कर्षः, संकर्षणः (બલદેવ), कृषकः, कर्षकः, कृष्णः, १ चर्षणिः, चर्षणी (કુલટા), कर्षूः (નીક), कृषिकः (પામર).

कृष, (अं) उ. ६. विलेखने. ખેડવું, ઉખેડવું. कृषति–ते क्षेत्रं कृषकः ખેડુ ખેતરને ખેડેછે. कृषिः, कृष्टः, आकृष्टः, कृष्टिः, कर्षकः, कृषकः (પરશુ), कृषिकः (પામર), कृष्णः, कर्षुः (નદી).

कॄ, प. ६. विक्षेपे. ફેંકવું, વેરવું. किरति कुसुमं वायुः વાયુ ફૂલને વેરેછે. कीर्णः विकीर्णः, संकीर्णः, प्रकीर्णः, आकीर्णः, कर्करः = १ કકરો, २ કાકરો. कर्करी (પાણીનો લોટો), करकः = करओ = કરો (પાણીપથર), करंकः (સમુદ્ર), कलंकः (લાંછન), किरीटम् (મુકુટ), कोडम (ખોળો), करंडः (કંડિઓ), कर्णः = कन्नो = १ કાનો, २ કાન. किरणः, करुणः (કરુણારસ), करुणा (દયા), कूर्पम् (ભ્રમધ્ય), करभः (ટચલી આંગળીથી કાંડાલગીનો ભાગ), १ करीरः, २ करीरी (કેરડા), करीषः (છાણું), १ किरः, २ किरिः (ભૂંડ), कुरुः (દેશભેદ), कूर्चम् (મૂંછ). कूर्चकः = कुचओ = કુચો. कूर्चिका = कूची. १ विष्किरः, २ विकिरः (પક્ષી), अवस्करः (વિષ્ઠા), १ उत्कारः, २ निकारः (ધાન્યઢગ), १ उत्करः, २ निकरः (समूह), करंगः (कर्मशील), करवः (ધાન્યબાજન), किरात (ભેલ), १ संकरः, २ अवकरः, ३ उत्करः (ઉકેડો), १ करकः = करओ = કરો. करंगः (કલશ), कर्परः (ખપર, કડાય).

कॄ, (ञ) उ. ९. हिंसायाम्. હણવું. कृणाति, कृणीते હણેછે. कीर्णः, कर्वरः (વાઘ), करहः (ધાણાનું પાત્ર).

कॄ, प. ९. हिंसायाम्. હણવું. कृणाति હણેછે. कीर्णि, कर्वरः (વાઘ), कर्वरी (ભૂમિ), करहः (ધાન્યપાત્ર).

6

कृत [illegible] ति-ते पर- [illegible] प्रकीर्त्तितः

केत, उ. १०. श्रावणे निमंत्रणे चामंत्रणे. १ સંભળાવવું, ૨ નિમંત્રણ કરવું, નોતરવું, ૩ છાનું કહેવું. ગૂઢ વિચાર કરવો. **केतयति-ते** वचनं नरः નર વચન સંભળાવેછે. केतयति-ते मुनिं गृही ગ્રહસ્થ મુનિને નોતરેછે ઇ. नि[illegible] ते. निकेतनम् (ઘર).

केप, (ऋ) आ. १. कंपने गती च. १ કંપવું, ૨ જવું. **केपते** કંપેછે ઇ०.

केल, (ऋ) प. १. चलने. કંપવું, ચલવું. **केलति** ચલેછે. **केलिः** (ક્રીડા).

केला, प. ११. विलासे. ખેલવું. લીલા કરવી. **केलायति** विलासी વિલાસી ખેલ કરેછે.

केव, (ऋ) आ. १. सेवने. સેવવું. **केवते** हरिं भक्तः ભક્ત હરીને સેવેછે. केवलः.

कै, प. १. शब्दे. શબ્દ કરવો. **कायति** શબ્દ કરેછે. **कातरः**=કાયર. **काकः** કાગ. कुः (પૃથ્વી), कुंभः (ઘડો), १ कोरः, २ कोरकः (કળી).

क्नथ, (अ, म्) प. १. हिंसार्थः. હણવું. **क्नथति** હણેછે. णी-**क्नथयति.**

क्नस, (उ) प. ४. व्हरणदीप्त्योः. व्हरणं कौटिल्यम्. १ વાંકું થવું, કુટિલ થવું. २ દીપવું. **क्नस्यति** खलः ખલ વાંકો થાયછે.

क्नू, (ञ्) उ. ९. शब्दे. શબ્દ કરવો. **क्नूनाति, क्नूनीते** શબ્દ કરેછે.

क्नूय, (ई) आ. १. शब्दे उंदे दुर्गंधे च. उंदः क्लेदनम्. १ શબ્દ કરવો, ૨ ભીનું કરવું, ૩ દુર્ગંધાવું. **क्नूयते** શબ્દ કરેછે ઇ०. **क्नूतः, क्नूयनम्. क्नूयिता.**

क्मर, (अ) प. १. हूर्छने. हूर्छनं कौटिल्यम्. કુટિલતા કરવી. **क्मरति.** **खलः** ખલ કુટિલતા કરેછે.

क्रथ, (अ, म्) प. १. हिंसार्थः. હણવું. **क्रथति** હણેછે. णी-**क्रथयति.** **क्राथः** (હિંસા).

क्रद, (अ, म, ष,) आ. १. **वैक्लव्ये वैकल्ये च.** **वैक्लव्यं** कातरत्वम्, **वैकल्यम्**-विवेकः १ કાયર થવું, વિહ્વલ થવું. ૨ વિકલ થવું, અવિવેકી થવું. **क्रदते** કાયર થાયછે. णी-**क्रदयति.**

क्रंद्, (इ, म, ष,) आ. १. वैक्लव्ये वैकल्ये च. १ कायर थवुं. २ [illegible] थवुं. क्रंदते कायर थायछे इ०. णी—क्रंदयति.

क्रद्, (इ) प. १. आव्हाने रोदने च. १ साद करवुं, हाक मारवी, बोलाववुं. २ रडवुं. क्रंदति, आक्रंदति साद करेछे इ०. संक्रंदनः (इंद्र), आक्रंदः (रोदन).

क्रंद्, (अ) उ. १०, आङःक्रंदमातत्ये. आङः परः क्रंदः मातत्ये. चुरादिः. निरंतर रडवुं. आक्रंदयति शोकार्त्तः शोकार्त निरंतर रडेछे. आक्रंदः (रोदन).

क्रप्, (अ, म, ष,) आ. १. कृपायां गतौ. १ कृपा करवी, २ जवुं. क्रपते ज्ञानी ज्ञानी कृपा करेछे. णी—कृपयति. कृपा.

क्रम्, (उ) प. १. [illegible] [illegible]. क्राम्यति, क्रामति कामनो मही [illegible]. [illegible], प्रक्रमते, उपक्रमते, अनुक्रामति, क्रमः, प्रक्रमः, अतिक्रमः (उल्लंघन), उपक्रमः (आरंभ), पराक्रमः, अनुक्रमः, संक्रमः, क्रांतः, आक्रांतः, क्रमुक. (सोपारीनुंझाड), क्रिमिः (करमियो), नक्रम् = नक्रम् = नाक, क्रकचः (करवत).

क्री, (डु, ञ्) उ. ९. द्रव्यविनिमये. विनिमयः परिवर्त्तः. धन आपीने वेचातुं लेवुं. क्रीणाति, क्रीणीते वेचातुं लेछे. विक्रीणीते = विकाय = वेचे. अवक्रीणीते. णी—क्रापयति. क्रीतः, विक्रीतः, क्रयः, विक्रयः, क्रय्यः (वेचवा बाहार काढेलुं), क्रेयः (वेचवा योग्य), सोमविक्रयी. (सोम वेचनार).

क्रीड्, (ऋ) प. १. विहारे. क्रीडा करवी, रमवुं. क्रीडति रमेछे. (खेलन), आक्रीडः (क्रीडावन).

क्रुंच्, (अ) प. १. कौटिल्याल्पीभावयोः १ कुटिलता करवी, २ अल्प-थोडुं टुंकुं करवुं. क्रुंचति खलः खल कुटिलता करेछे. क्रुंचति मनोयोगी योगी मनने टुंकुं करेछे. १ क्रुंचः, २ क्रौंचः (एक पर्वत).

क्रुध्, (अ) प. ४. क्रोधे. कोपवुं, रीस करवी. क्रुध्यति क्रूराय नरः नर क्रूरने कोपेछे. क्रोधः, क्रोधनः, क्रोधी (क्रोधी), क्रुद्धः.

क्रुश्, (अ) प. १. आव्हाने रोदने च. १ साद करवुं, हाक मारवी, बोलाववुं; २ रडवुं. क्रोशति साद करेछे इ०. क्रोष्टा (शियाळ), क्रोशः = कोस. उत्क्रोशः (टीटोडो).

क्लेव्. (ऋ) आ. १. सेवने. સેવવું, ભજવું, क्लेवते સેવે છે.

क्लथ्, (अ, म्) प. १. हिंसार्थः હણવું. क्लथति હણેછે. णी– क्लथयति.

क्लद्, (अ, मृ, षृ) आ. १. वैक्लव्ये वैकल्ये च. वैक्लव्यं कातरत्वम्. वैकल्यं विवेकः. १ કાયર થવું, ૨ મોહ પામવું, વિકલ થવું. क्लदते કાયર થાયછે.

क्लन्द्, (इ, मृ, षृ) आ. १. वैक्लव्ये वैकल्ये च. १ કાયર થવું, ૨ મોહ પામવું. क्लंदते કાયર થાયછે. इ०. णी–क्लंदयति.

क्लन्द्, (इ) प. १. आह्वाने रोदने च. १ સાદ કરવું, ૨ રડવું. क्लंदति સાદકરેછે.

क्लप्, (अ) उ. १०. अव्यक्तायां वाचि. અસ્પષ્ટ વાણી બોલવી. क्लपयति–ते અસ્પષ્ટ વાણી બોલેછે.

क्लम्, (उ) प. ४. ग्लानौ. થાકવું. क्लाम्यति पांथः પાંથ થાકેછે. क्लांतः (થાકેલ), क्लमः (થાક), क्लमी (थकेल), क्लांतिः.

क्लिद्, (इ) आ. १. परिदेवने. परिदेवनं शोचनम्. શોચવું, રડવું. (सक०) क्लिंदते चैत्रं मैत्रः મૈત્ર ચૈત્રને રડેછે.

क्लिद्, (इ) प. १. परिदेवने. શોચવું, રડવું. क्लिंदति રડેછે.

क्लिद्, [illegible]

क्लिश्, (अ) आ. ४. उपतापे. દુઃખવેઠવું. क्लिश्यति परार्थे साधुः સાધુ પરાર્થે દુઃખ વેઠેછે. क्लेशः, क्लिष्टः, क्लेशकः, केशः (માથાનાવાળ).

क्लिश्, (ऊ) प. ९. विबाधने. પીડા કરવી. क्लिश्नाति धनिकं चोरः ચોર ધનિકને પીડે છે. क्लेशः, केशः (માથાનાવાળ).

क्लीब्, (ऋ) आ. १. अधार्ष्ट्ये. કાયરથવું. क्लीबते नरः शोकेन નર શોકે કરી કાયર થાયછે. क्लीबम् (નપુંસક).

क्षीव्, (ऋ) आ. १. धार्ष्ट्ये. ધૈર્યવાન થવું, સર્વ કાર્ય કરવા સમર્થ થવું. क्षीवते ધૈર્યવાન થાયછે.

क्लु, (ङ्) आ. ६. गतौ. જવું. क्लुवते पांथः પાંથ જાયછે. निक्लवः (કાયર).

क्लेश्, (अ) आ. १. अव्यक्तायां वाचि विबाधने च. १ અસ્પષ્ટ વાણી બોલવી, ૨ પીડવું. क्लेशते म्लेच्छः મ્લેચ્છ અસ્પષ્ટ વાણી બોલેછે. क्लेशते पापिनं रोगः રોગ પાપીને પીડેછે. क्लेशः.

क्वण्, (अ) प. १. शब्दार्थः શબ્દ કરવો. **क्वणति** શબ્દ કરેછે. **क्वणः** (શબ્દ), **क्वणितं** (વીણાદિશબ્દ).

क्वथ्, (ए) प. १. निष्पाके. કઢવું, ઉકાળવું. **क्वथति शुंठिं वैद्यः** વૈદ્ય શુંઠને ઉકાળેછે. **क्वाथः** = **क्वाढो** = કાવો (ઊકાળો), **क्वाथधानी** = **क्वाढधाणी** = કાવદાની.

क्षञ्, (इ, म, ष,) आ. १. गतिदानयोः ૧ જવું, ૨ દેવું. **क्षंक्षते** જાયછે. द०. णौ–**क्षंजयति**.

क्षञ्, (इ) उ. १०. कृच्छ्रजीवने. દુઃખે જીવવું. **क्षंजयति–ते**, **क्षंजति** દુઃખે જીવેછે.

क्षण्, (उ) उ. ८. हिंसायाम्. હણવું. क्षणोति–क्षणुते मृगं पापी પાપી મૃગને હણેછે. क्षतम् (ચાંદું), अक्षताः (મંગલ ચોખા), **क्षतजम्**, (રુધિર), क्षणः क्षतिः (હાનિ).

क्षद्, (अ) प. १. (सौ०) संवरणे. ઓઢાડવું. ઢાંકવું. क्षदति ઓઢાડેછે. क्षत्ता (૧ સારથિ, ૨ ક્ષત્રિયાને વિષે શૂદ્રથી ઊપજેલો પુત્ર), क्षत्रम् (ક્ષત્રિય), नक्षत्रम्.

क्षप्, (इ) उ. १०. क्षांत्याम्. ક્ષમા કરવી, ખમવું, સહવું. क्षंपयति–ते क्षंपति સહેછે.

क्षप, उ. १०. प्रेरणे. પ્રેરવું. क्षपयति–ते પ્રેરેછે. क्षपा (રાત્રિ), **क्षपाकर** (ચંદ્ર).

क्षम्, (उ, ष्) आ. १. सहने. સહવું, ખમવું, વેઠવું. क्षमते अपराधं साधुः સાધુ અપરાધ સહેછે. क्षमते = **खमेइ** = ખમે. क्षमा = ખમા. (૧ **सहनशीलता**, ૨ પૃથ્વી), क्षंता (तृ + સહનશીલ), **क्षमी** (इन् + ક્ષમાવાન્), क्षमितव्यम् = **खमियव्वं** = ખમવું. क्षंतव्यम्.

क्षम्, (ऊ) प. ४. सहने. સહવું, ખમવું. क्षाम्यति पुत्रापराधं पिता પિતા પુત્રાપરાધને સહેછે. **क्षांतः** (ખમેલ), **क्षमी** (इन् +), क्षमः (સમર્થ), **क्षांतिः** (ક્ષમા).

क्षर्, (अ) प. १. **संचलने**. ખરવું, ઝરવું. क्षरति **गौः** **पयोमुंचतीत्यर्थः** ગાય દૂધ મૂકેછે. **क्षरति जलं स्रवतीत्यर्थः** જલ ઝરેછે. क्षरति = **खरइ**

क्षर:, क्षार: = खार. क्षारी = खारी. प्रक्षरम् = पा[illegible]

[illegible] १०, शौचकर्मणि. पखाळवुं. धोवुं, शुद्ध-पवित्र करवुं. क्षालयति-ते. क्षलति शरीरं जलेन जळवडे शरीर धुवेछे. प्रक्षालयति = पखालइ = पखाळे. प्रक्षालितम् = पक्खालिअं = पखाळेलुं. क्षालनम् प्रक्षालनम्.

क्षि, प. १. क्षये ऐश्वर्ये च. क्षयेऽयं सकर्मको ऽकर्मकश्च. १ क्षय थवुं, २ क्षय करवुं. ३ धणी थवुं, स्थिर थवुं. क्षयति **कर्पूरम्** कपूर [illegible]. क्षयति तूर्णं बाल्यः [illegible]. क्षयति **राजा** राजा धणी थायछे. **क्षय**; क्षीण, क्षयुता (+ न् [illegible]), क्षेत्रम् ([illegible]).

क्षि, प. ५. हिंसायाम. मारवुं, हणवुं. **क्षिणाति** [illegible].

क्षि, प. ६. निवासगत्योः. १ वसवुं, २ [illegible]. क्षियति [illegible]. **क्षय**, [illegible], क्षिति, (पृथ्वी) [illegible], क्षयम् ([illegible]), **क्षेयम्** ([illegible]), **क्षेतु**-[illegible], क्षयी ([illegible] + निवासी), क्षेमम् (कुशळ), क्षेत्रम् ([illegible]), क्षय (निवास).

क्षि, प. ९. हिंसायाम्. हणवुं. क्षिणाति हणेछे. क्षिति: (पृथ्वी).

क्षिण, (उ) उ. ८. हिंसायाम हणवुं. क्षिणोति क्षेणोति, क्षिणुते-क्षेणुते हणेछे. क्षिति: (पृथ्वी).

क्षिद, (अ) प. १. अव्यक्ते शब्दे. अस्पष्ट शब्द करवो. क्षेदति अस्पष्ट शब्द करेछे. क्षेद.

क्षिप्. (अ) प. ४. प्रेरणे प्रेरवुं, फेंकवुं. क्षिप्यति लोष्टं नर: नर ढेफुं फेंकेछे. क्षेप: (१ [illegible], २ निंदा), १ क्षेपक:, २ क्षेप्ता (क्र + फेंकनार), आक्षेप: (शाप).

क्षिप्, (अं) उ. ६. प्रेरणे. प्रेरवुं, फेंकवुं. क्षिपति-ते फेंकेछे. क्षिप्त:, विक्षिप्त:, प्रक्षिप्त:, संक्षिप्त:, क्षेप:, प्रक्षेप:, विक्षेप:, संक्षेप:, क्षेपक:, क्षेप्ता, क्षिप्रम् (शीघ्र), क्षिप:, क्षेप्यम, क्षिपक: (वायु), क्षिपका (आयुध).

क्षिव, (उ) प. १. निरसने. वारवुं, निषेधवुं. क्षेवति वारेछे.

क्षिव, (उ) प. ४. निरसने वारवुं, निषेधवुं. क्षीव्यति वारेछे.

[illegible], (ञि) उ. १. हिंसायाम्. હણવું. क्षयति-ते હણે[illegible]

[illegible]ी, (ष्) प. हिंसायाम. હણવું. क्षिणाति, क्षीणाति [illegible]

क्षीज्, (अ) प. १ अव्यक्ते शब्दे. અસ્પષ્ટ શબ્દ કરવો. क्षीजति पक्षी પંખી અસ્પષ્ટ શબ્દ કરેછે.

क्षीव्, (ऋ) आ. १. मदे. મત્ત થવું, મદ કરવો. क्षीवते धनेन नरः નર ધનવડે મદ કરેછે. क्षीवः (મત્ત).

क्षु, (टु) प. २. शब्दे. શબ્દ કરવો. क्षौति શબ્દ કરેછે. क्षवः (રાઈ), क्षवथुः (ઠાંસો), १ क्षोणिः, २ क्षोणी (પૃથ્વી), क्षुपः (લઘુવૃક્ષ), क्षुमा (અળસી).

क्षुद्, (इर्) उ. ७. संपेषणे. [illegible] हरिद्रां नारी નારી હળદરને [illegible]. क्षोदः [illegible], क्षुद्रः [illegible] (વટાયેલ), क्षुद्रा (મધમાખ્ય).

क्षुध्, (अ) प. ४. बुभुक्षायाम्. ભૂખે મરવું. क्षुध्यति भिक्षुः ભિક્ષુ ભૂખે મરેછે. १ क्षुत् (ध् +), २ क्षुधा (ભૂખ), क्षुधितः (ભૂખ્યો), क्षुधुनः (કીટ).

क्षुप्, (अ) प. १. (सौ०) अवसादने. ખેદ પામવું. क्षोपति ખેદ પામેછે. क्षुपः (લઘુવૃક્ષ).

क्षुभ्, (अ) आ. १. संचलने. संचलनं प्रकृतिविपर्यासोमंथनं च. १ પ્રકૃતિ બદલવી, હાલવું. २ વલોવાવું, મેળવું. क्षोभते जलम् પાણી હાલેછે. १क्षोभः, २ विक्षोभः (સંચલન), क्षुभ्नः (વલોણાનો વાંસ), क्षुभितः (ચળેલો).

क्षुभ्, (अ) प. ४. संचलने. १ પ્રકૃતિ બદલવી, હાલવું, २ વલોવાવું. क्षुभ्यति समुद्रः સમુદ્ર હાલેછે. १ क्षोभः, २ विक्षोभः (હલન).

क्षुभ्, (अ) प. ९. संचलने. १ પ્રકૃતિ બદલવી, હાલવું, २ વલોવાવું. क्षुभ्नाति હાલેછે. क्षुभ्नः (વલોણાનો વાંસ), क्षुभितः (ચળેલો).

क्षुर्, (अ) प. ६. विलेखने. ભેદવું, કાપવું, વાઢવું. क्षुरति बालान् नापितः નાપિત વાળને કાપેછે. क्षुरः (છરો), क्षुरी (છરી).

क्षेट्, (अ) उ. १०. भक्षणे. ખાવું. क्षेटयति-ते ખાયછે.

क्षेव्, (उ) प. १. निरसने. વારવું, નિષેધવું. क्षेवति વારેછે.

क्षै. प. १. क्षये. क्षय पामवुं, दुबळुं थवुं. क्षायति दुबळो थायछे. क्षाम (पातळो).

क्षोट, उ १०. क्षेपे. फेंकवुं, उछाळवुं. क्षोटयति-ते फेंकेछे.

क्ष्णु, प. २ तेजने. उकरवुं, तेजस्वी करवुं. क्ष्णौति शस्त्रं शाणिकः शाणियो हथियार उकरे छे.

क्ष्माय, (ई) आ. १. विधूनने. धूणाववुं, हलाववुं, कंपाववुं. क्ष्मायते वायुर्वृक्षं वायु झाडने धूणावेछे. णी- क्ष्मापयति. क्ष्मातः (धूजेलो).

क्ष्मील्, (अ) प. १. निमेषणे. निमेषणं संकोचः संकोचवुं. क्ष्मीलति संकोचेछे.

क्ष्विद्, (त्रि, आ) प. १. स्नेहनमोचनयोः १ चोपडवुं, भीनुंकरवुं, पलाळवुं. २ मूकवुं. क्ष्वेडति चोपडेछे इ०. क्ष्वेडः (विष), प्रक्ष्वेडनः (लोहमयबाण).

क्ष्विद्. (त्रि, आ) प. १. अव्यक्ते शब्दे. अस्पष्ट शब्द करवो. क्ष्वेदति अस्पष्ट शब्द करेछे.

क्ष्विद्, (त्रि, आ) आ. १. स्नेहनमोचनयोः मोहने च. १ चोपडवुं, पलाळवुं, २ मूकवुं, ३ मोहवुं. क्ष्वेदते चोपडेछे. क्ष्वेडः (विष), क्ष्वेडा (रव).

क्ष्विद्. (त्रि, आ) प. ४. स्नेहनमोचनयोः १ चोपडवुं, पलाळवुं, २ मूकवुं. क्ष्विद्यति चोपडेछे.

क्ष्वेल्, (ऋ) प. १. चलने. चळवुं. क्ष्वेडति चळेछे.

खक्ख्, (अ) प. १. हसने. हसवुं. खक्खति हसेछे. खक्खा (हास).

खच्. [illegible] ९ भूतप्रादुर्भावे. भूतप्रादुर्भावो ऽतिक्रान्तोत्पत्तिः उपजी रहेवुं, [illegible]

खज्, (अ) प. १. मंथे. मंथो विलोडनम्. वलोववुं, डहोळवुं, ड्होळवुं. खजति जलं वराहः भूंड पाणी ड्होळेछे. खजाका (कडछी), खजकः (वलोणानो वांस).

खञ्ज्, (इ) प. १. गतिवैकल्ये. गतेर्वैकल्यं विकृतत्वम्. खोडंगतां चालवुं. खञ्जति खोडंगतां चालेछे. खञ्जः (खोडो), खञ्जनः (दीवाळीपछीनामे पंखी).

खट्, (अ) प. १. कांक्षायाम्. इच्छवुं. खटति धनं लुब्धः लोभी धनने इच्छे छे. खटः = खड (तृण), [illegible] खाट (खाटलो), खट्वा = खडी (धोळी माटी), खटिका (खडी), खट्टः (कुइ), खटकः (अर्धमुष्टि).

खट्, (अ) उ. १०. संवरणे. આંતરવું, ઓછાડવું, ઢાંકવું, ઓ[illegible], [illegible]વું, સંકોડવું. खट्टयति-ते मुखं नरः નર મુખને ઢાંકેછે.

खड्, (अ) उ. १०. भेदने. ભેદવું, વિદારવું. खाडयति-ते ભેદેછે. खड्गः = खग्ग = ખાગ.

खड्, (इ) आ. १. मंथे. વલોવવું, ડખોળવું, ડહોળવું, વછાડવું, વેરવું. खंडते ડહોળેછે. खंडः = ખાંડ. खंडिता (મથિતા સ્ત્રી).

खड्, (इ) उ. १०. भेदने. ભેદવું, खंडयति-ते, खंडति = खडई = ખાંડે ભેદેછે. खंडः (ટુકડો), खंडनम्. खंडितः = खंडिओ = ખાંડ્યો.

खद्, (अ) प. १. स्थैर्ये हिंसायां भक्षणे च. स्थैर्येऽकर्मकः. १ રહેવું, २ હણવું,
[illegible]
[illegible]

खन्, (उं) उ. १. अवदारणे. ખોદાળવું, ખણવું, ખોદવું. खनति-ते कूपं नरः નર કૂપને ખણેછે. खनति = खनइ = ખણે. खातः (ખોદ્યો), खेयम् (ખોદવા યોગ્ય), खनकः (ઉંદર), खनकी (ઉંદરી), परिखा (ખાઇ), खनित्रम् (ખાતરિયું), खात्रम् (ચોરે કરેલું છિદ્ર), खनिः, २ खनी, ३ खानिः, ४ खानी = खाणी = ખાણ (આકર). आखुः (ઉંદર), खसः = ખસ (પામાં), खलः (ખોળ), खननम्.

खर्ब्, (अ). प. १. गतौ. જવું. खर्बति જાયછે. खर्वः (વામણો).

खर्ज्, (अ) प. १. पूजने व्यथने च. पूजनं मार्जनम्. १ ખંજોળવું, વલુરવું, માંજવું, २ પીડવું, નડવું. खर्जति देहं नरः નર દેહને ખંજોળે છે इ०. खर्जूरः = ખજૂરો. खर्जूरी = ખજુરી. खर्जू (ખસ), खर्जूरम् (હરિતાલ).

खर्द्, (अ) प. १. दंदशूके. दंदशूककर्तृके दंतकर्मण्यित्यर्थः. સાપનું ડસવું. खर्दति सर्पो नकुलम् સાપ નોળને ડસેછે.

खर्व्, (अ) प. १. दर्पे. ગર્વ કરવો. खर्वति मूर्खः મૂર્ખો ગર્વ કરેછે. खर्वः (ગર્વ).

खल्, (अ) प. १. संचये चलने च. १ સાંચવું, ઢગ કરવો. २ ચળવું. खलति धनं नरः નર ધનને સાંચેછે इ०. खलम् (१ રણાંગણ, २ દાણા મસળવાનું ખળું) खलः (१ દુર્જન, २ નીચ, ३ ખોળ). खल्वम् (નીચાણ). [illegible]

(ચર્મપત્ર), १ खल्वाट:, २ खलतिः (માથે
२ ચર્મવસ્ત્ર, ૩ ખાળ, ૪ ડ્રાઈલ પંખી).

खव्, (अ) प. ९. भूतप्रादुर्भावे. भूतप्रादुर्भावे [illegible] ઉપજી રહેવું, ઉપજ વીતી જવી. खौनाति जनः જન ઉપજી રહેછે.

खष्, (अ) प. १. हिंसार्थः. હણવું. खषति હણેછે.

खाद्, (ऋ) प. १. भक्षणे. ખાવું, જમવું. खादति मोदकं विप्रः વિપ્ર મોદકને ખાયછે. खादति = खायइ = ખાયે. खाद्यम् (ખાવાયોગ્ય), खादकः (ખાનાર), खादनम् (ભક્ષણ).

खिट्, (अ) प. १. उत्त्रासे. ભડકાવવું, ડગાવવું. खेटति केशी गोष्ठम् કેશી ગોષ્ઠને ભડકાવેછે. खेटनम् = ખેડણ. आखेटः (મૃગયા), आखेटकः, १ खेटम्, २ खेटकम् (ઢાલ), १ खेटः, २ खेटकः (ગામડું).

खिद्, (अ) आ. ४. दैन्ये. ખેદ પામવું, દીનતા કરવી. खिद्यते = खिज्जइ = ખીજે ખેદ પામેછે. खेदः, खिन्नः (ખેદ પામેલ).

खिद्, (अ) प. ६. परिघाते परितापे च. १ ખુંદવું, २ દુઃખ દેવું. खिंदति ખુંદેછે इ०.

खिद्, (अ) आ. ७. दैन्ये. ખેદ પામવું, દીનતા કરવી. खिंते भिक्षुः ભિક્ષુ ખેદ પામેછે. खिन्नः.

खु, (ङ) आ. १. शब्दे. શબ્દ કરવો. खवते શબ્દ કરેછે.

खुज्, (उ) प. १. स्तेयकरणे. ચોરવું. खोजति भक्षणं कृष्णः કૃષ્ણ માખણને ચોરેછે.

खुड्, (अ) प. ६. संवरणे. ઓછાડવું, ઢાંકવું. खुडति धनं धनिकः ધનવા ધનને ઢાંકેછે.

खुड्, (इ) उ. १०. [illegible]ने. ખંડવું, ભેદવું. खुंडयाति--ते, खुडति ખંડેછે.

खुर्द्, (ङ) आ. १ क्रीडायाम्. રમવું, ખેલવું, વિહરવું. खुर्दते गोपालः ગોવાળ રમેછે.

खुर्, (अ) प. ६. छेदने. छेदनं विलेखनम्. ઉખેડવું, ખેડવું, છેદવું. खुरति भूमिं कृषकः કૃષક ભૂમિને ખેડેછે. खुरः (ખરી).

खेट्. उ. १०. भक्षणे. ખાવું, જમવું. खेटयाति—ते मांसं हिंस्रः હિંસ્ર માંસને જમેછે.

[illegible] उ. १०. भक्षणे. ખાવું, જમવું. खेटयति–ते मांसं सिंहः સિંહ માંસ જમેછે. खेटकः, खेटः, (१ ગામડું, २ ભક્ષક).

खेल्, (अ) प. १. चलने. ચળવું. खेलति मर्कटः માકડો ચળેછે. खेलः, खेला, खेलनम. खिलम् (ખેડ્યાવનું ખેતર).

खेला. प. ११. विलासे. રમવું, ખેલવું. खेलायति विलासी વિલાસી રમેછે. खेला (રમત), खेलनम् = ખેલણુ.

खेव्, (ऋ) आ. १. सेवने. સેવવું. खेवते हरिं भक्तः ભક્ત હરિને સેવેછે.

खै. प. १. खदने. खदनं स्थैर्यं हिंसा भक्षणं च. १ રહેવું, २ હણવું, ३ જમવું. खायति नरः નર રહેછે. खायति मृगं व्याधः પારધી મૃગને હણેછે. खायति मोदकं विप्रः વિપ્ર મોદકને જમેછે. खायति = खायइ = ખાયે.

खोट. उ. १०. भक्षणे क्षेपे च. १ જમવું, ખાવું, २ ફેંકવું. खोटयति–ते लड्डुकं विप्रः વિપ્ર લાડુને જમેછે. खोटयति–ते शूरं शूरः શૂરો શૂરને ફેંકેછે.

खोड्, (ऋ) प. १. गतिप्रतीघाते. गतिविषये प्रतीघात इत्यर्थः. ચાલતાં ખોડંગવું. खोडति पंगुः પાંગળો ખોડંગે છે. खोडः = ખોડો (પંગુ).

खोड. उ. १०. क्षेपे. ફેંકવું, ઉશેટવું. खोडयति–ते तृणं नरः નર તૃણને ફેંકેછે.

खोद्, उ. १०. क्षेपे.. ફેંકવું, ઉશેટવું. खोदयति–ते कर्करं जनः જણ કાકરાને ફેંકેછે.

खोर्, (ऋ) प. १. गतिप्रतीघाते. ચાલતાં ખોડંગવું. खोरति खंजः ખોડો ખોડંગેછે. खोरा (અધમની), खोरः (ખોડો).

खोल्, (ऋ) प. १. गतिप्रतीघाते. ચાલતાં ખોડંગવું. खोलति खोडः ખોડો ખોડંગેછે.

ख्या. प. २. प्रकथने. વખાણવું, કહેવું. ख्याति सुजनं लोकः લોક સુજનને વખાણેછે. आख्यानम्, व्याख्यानम्, प्रत्याख्यानम् (નિષેધ), ख्यातः, प्रख्यातः, विख्यातः, आख्यातः, प्रत्याख्यातः (નિષિદ્ધ), संख्या. ख्यातिः (વખાણ).

गग्घ्, (अ) प. १. हसने. હસવું. गगधति विकलं जनः જણ વિકળને હસેછે.

गज्, (अ) प. १. शब्दार्थे मदने च. मदनं मदोत्पत्ति मदः चित्तविकारः. १ શબ્દ કરવો, २ મદ કરવો. गजति १ શબ્દ કરેછે, २ મદ કરેછે. गजः (હસ્તી).

गाज्, (अ) उ. १०. शब्दे. શબ્દ કરવો. गाजयति–ते जनः જણ શબ્દ કરેછે.

गञ्ज्, (इ) प. १. शब्दार्थः. શબ્દ કરવો. गंजति नरः नरे
(૧ મદિરાનું ઘર, ૨ આગર).

गड्, (अ, म) प. १. सेचने. સીંચવું. गडति, लत्वे गलति जलं [illegible] પાણીને સીંચેછે. णौ–गडयति, लत्वे गलयति. गाडः, लत्वे गालः, गडः, गडकः, गडु (પૃષ્ઠગ્રંથિ), निगडः (બેડી), निगडितः (બેડી ઘાલેલો).

गड्, (इ) प. १. वदनैकदेशे. गंडगतसंहननक्रियायामित्यर्थः. ગાલ સીંચવા, ગાલ એકઠા કરવા. गंडति ગાલ સીંચેછે. गंडः (ગાલ), १ गांडिवं, २ गांडीवम् (અર્જુનધનુષ).

गण, उ. १०. संख्याने. ગણવું. गणयति-ते दिवसान् नारी નારી દિવસ ગણેછે. गणः (સમૂહ), गणकः (જ્યોતિષી), गणितं = गणितं = ગણેલું. गणना. गण्यः, गणिका (વેશ્યા), निगणः (હોમધૂમ).

गद्, (अ) प. १. व्यक्तायां वाचि. સ્પષ્ટ-પ્રકટ બોલવું. गदति वचनं जनः જણ વચન બોલેછે. १ गद्गदः, २ गद्गदा, ३ गद्गदम् (અસ્પષ્ટ વચન), गद्यम्, गदितम् (કથિત).

गद्, (ई) उ. १०. देवशब्दे. મેઘ ગાજવો. गदयति–ते घनः મેઘ ગાજેછે.

गद्गद, प. ११. वाक्स्खलने. અસ્પષ્ટ વચન ઉચ્ચરવું. गद्गदति दुःखार्त्तः દુઃખાર્ત અસ્પષ્ટ વાણી ઉચ્ચરેછે. १ गद्गदः, २ गद्गदा, ३ गद्गदम् (અસ્પષ્ટ વચન).

गंध्, (अ) आ. १०. अर्दने. પીડવું, નડવું. गंधयते लुब्धो वदान्यम् લોભિયો દાતાને પીડેછે. १ गंधः, २ गंधनम् (હિંસન), गंधर्वः, सुगंधकः (કંકોડી), गंधोली (શાખાંદેર).

गम्, (लृ) प. १. गतौ. જવું. गच्छति ग्रामं पांथः પાંથ ગામને જાયછે. आगच्छति આવેછે. गमः, आगमः (શાસ્ત્ર), निगमः (વેદ), संगमः, समागमः, १ प्लवंगमः, २ प्लवंगः, ३ प्लवगः (વાનર). १ विहंगमः, २ विहंगः, ३ विहगः (પંખી), १ भुजंगमः, २ भुजंगः, ३ भुजगः (સાપ). उरगः (સાપ), गत्वरः, જગત્ (લોક), गंगा, गगनम् (વ્યોમ), गात्रम् (શરીર), आगंतुः (આવનું), गौः (ગાય), गमी (જનાર), आगामी (हन् [illegible]), पन्नगः (સાપ), मृगः, दुर्गं, [illegible] दुर्गमं, अभ्यागतः (પરોણો).

गर्ज् (अ) प. १. शब्दे. शब्द करवो [illegible] गर्जति मेघः મેઘ ગાજેછે. गर्जति = गज्जइ = ગાજે. गर्जना, गर्जितम् (નાદાદિ શબ્દ).

[illegible] करवो, आजवुं. गर्भयति-ते [illegible]

गद, [illegible] शब्द करवो. गदति व्याघ्रः वाघ बोलेछे. [illegible] गद्दहो = गधो.

गर्द्, (अ) उ. १०. शब्दे. शब्द करवो. गर्दयति-ते वराहः भुंड बोलेछे.

गर्ध्, (अ) उ. १०. अभिकांक्षायाम्. इच्छवुं. गर्धयति–ते धन लुब्धः लोभियो धनने इच्छेछे.

गर्ब्, (अ) प. १. गतौ. जवुं. गर्बति जायछे. गर्बः (गति).

गर्व्, (अ) प. १. दर्पे. गर्व करवो गर्वति [illegible] गर्व करेछे. गर्वः, गर्वितः

गर्व्, आ. १०. माने. [illegible] मूढ धनवडे गर्व करेछे. गर्वः, गर्वितः

गर्ह् (अ) आ. १. कुत्सायाम् [illegible] वखोडवुं. गर्हते सुजनं दुर्जनः दुर्जन [illegible] . विगर्हितः, गर्हणम्, गर्हाम् (निंदा).

गर्ह्, (अ) उ. १०. विनिंदने. निंदवुं, वखोडवुं. गर्हयति–ते साधुं दुष्टः दुष्ट साधुने निंदेछे. गर्हा, गर्हितः, गर्हणम्.

गल्, (अ) प. १. अदने स्रवणे च. १ खावुं, जमवुं. २ झरवुं पाडवुं. गलति मूलकं जनः जन मूळाने खायछे. गलति जलं करकात् करवामांथी जळ झरेछे. अवगलति = ओगळे. निगलति = निलगइ = निगळे. अभिगलति. विगलति = पिगलइ = पिगळे. गलनम् = गयणं = गळवुं. गलः = गाळ, गलः (कंठ).

गल्, (अ) आ. १०. स्रवणे. झरवुं, [illegible]ळवुं. गलयते जलम् पाणी झरेछे. गलः, गालिः (गाळ), गलनम् = [illegible] = [illegible].

गल्भ्, (भ) आ. १. धार्ष्ट्ये. प्रौढ थवुं समर्थ थवुं. गल्भते, [illegible] मैत्र. मैत्र प्रौढ थायछे. प्रगल्भः (प्रौढ).

गल्ह्, (भ) आ. १. कुत्सायाम्. निंदवुं. गल्हते सुजनं दुर्जनः [illegible] दुर्जन निंदेछे. गल्हः

गवेष, उ १०. मार्गणे. मार्गणमन्वेषणम्. खोळवुं, शोधवुं. [illegible] हरि- र्णं नरः नर हरिणने खोळेछे. १ गवेषणम्, २ गवेषणा (भाळ [illegible] गवेषितः (शोधेलो).

गह्, उ. १०. गहने. १ વસમું થવું, દુર્ગમ થવું. ૨ પીડવું, નડવું. गहयति. १ गहनः, २ गहना, ३ गहनम् (દુર્ધિગમ, દુઃપ્રવેશ).

गा, (ङ्) आ. १. गतौ. જવું. गाते ग्रामं पांथः પંથ ગામને જાયછે.

गा, प ३. (वै०) स्तुतौ. સ્તવવું, સ્તુતિ કરવી. जिगाति સ્તુતિ કરેછે. गानम्, गाथा, गायकः.

गाध्, (ऋ) आ. १. प्रतिष्ठालिप्सयोर्ग्रंथे च. प्रतिष्ठा आस्पदम्. लब्धुमिच्छा लिप्सा. ग्रथनं ग्रंथः. प्रतिष्ठायामकर्मकोयम्. लिप्साग्रंथयोः सकर्मकः. १ રહેવું, સ્થિતિ કરવી. ૨ લેવા ઈચ્છવું, ઈચ્છવું, ૩ ગુંથવું. गाधते રહેછે इ०. गाधः (થાગ), अगाधः (અથાગ), गाधिः (વિશ્વામિત્રપિતા).

गाह्. (ऊ) आ. १. विलोडने. विलोडनं परिमिलनम्. પ્રવેશ કરવું, પેસવું. गाहते. अवगाहते પેસેછે. गाहनम्, अवगाहनम्, वगाहनम्, गाहः, अवगाहः वगाहः, गाढः.

गु, (ङ्) आ. १. अव्यक्ते शब्दे. અસ્પષ્ટ શબ્દ કરવો. गवते અસ્પષ્ટ શબ્દ કરેછે. १ गुडः, २ गुलः = गुलो = ગોળ.

गु, (ङ्) आ. १. शब्दे. શબ્દ કરવો. गवते શબ્દ કરેછે. गोत्रम् (કુલ), गवल. (અરણ્ય મહિષ), गवयः (રોઝ).

गु, प. ६. पुरीषोत्सर्गे. મળવિસર્જન કરવું, હગવું. गुवति હગેછે. गूथम्, (વિષ્ઠા). गुतव्यम्.

गुज्, (अ) प. ६. शब्दे. શબ્દ કરવો. गुजति શબ્દ કરેછે.

गुञ्ज्, (इ) प. १. अव्यक्ते शब्दे. અસ્પષ્ટ શબ્દ કરવો. गुंजति भ्रमरः ભમરો ગણગણેછે. गुंजितम (મિહાદિશબ્દ), गुंजा (ચણોઠી). गुंजारवः (ભ્રમર-શબ્દ)

गुंठ्, (इ) उ. १०. वेष्टने. વીંટવું. गुंठयति-ते अवगुंठयति ते વીંટેછે. गुंठ- [illegible] अवगुंठनम्. [illegible]

गुह्. [illegible] संवरणे. [illegible]
[illegible] गुहः [illegible] गुहा [illegible]
[illegible] गुह्यम् [illegible]
(આમ), गुल्म (ગોથું).

गुड्, (इ) उ. १०. वेष्टने रक्षणे च. १ वींटवुं, घेरवुं. २ राखवुं. ३ પાળવું. गुंडयति-ते, गुंडति વીંટેછે. गुंडनम्, गुंडितः.

गुण्. उ. १०. आमंत्रणे. आमंत्रणं मूढोक्तिः छानुं કહેવું, ગૂઢ બોલવું. गुणयति-ते मंत्री મંત્રી છાનું કહેછે. गुणः, गुणितम्.

गुद्, (अ) आ. १. क्रीडायाम्. રમવું, ખેલવું. गोदते बालः બાળ રમેછે. गुदम् (ગાંડ), गुंद्रा (સુગંધિ મોથ).

गुध्, (अ) प. ४. परिवेष्टने. વીંટવું. गुध्यति. વીંટેછે. गोधूमः= गोहूमो = ઘઉં. गुत्सः (ગુણગ્નતિ), गुधितः (વેષ્ટિત), गुधेरः (પાળક).

गुध्, (अ) प. ९. रोषे. કોપવું, રીસાવું. गुध्नाति કોપેછે. गोधा = गोहा ગોહ. गोधूमः= गोहूमो = ઘઉં.

गुप्, प. १. गोपने. ગોપવું, સંતાડવું. गोपयति धनं चोरः ચોર ધનને ઢાંકેછે. गोप्यम्, गोपनम्, गुप्तिः, गुप्तम्.

गुप, (अ) आ. १. निंदायाम्. નિંદવું. जुगुप्सते નિંદેછે. जुगुप्सा (નિંદા).

गुपू, (ऊ) प. १. रक्षणे. રાખવું, પાળવું. गोपायति पृथ्वीं नृपः નૃપ પૃથ્વીને પાળેછે. कुप्यम् (સુવર્ણ રજતવિના બીજું ધન), गोप्यम् (રક્ષણીય), गोपनम् (રક્ષણ), गुप्तिः (રક્ષા), गोप्ता (गु + રક્ષક).

गुप्, (अ) प. ४. व्याकुलत्वे. આકળું કરવું, વ્યાકુલ કરવું. गुप्यति लोकं कोपः કોપ લોકને આકળું કરેછે.

गुप्. (अ) उ. १०. भाषार्थे भासार्थे च. १ બોલવું, २ દીપવું. गोपयति-ते બોલેછે इ०.

गुफ, (अ) प. ६. ग्रंथे. ગુંથવું. गुफति माल्यं मालाकारः માળી ફૂલને ગુંથેછે. गुंफः (ગ્રંથ).

गुफ्. (अ) प. ६. ग्रंथे. ગુંથવું. गुंफति माल्यं मालाकारः. માળી ફૂલને ગુંથેછે. गुंफितः, गुंफः= ગુંફ.

गुर्. (इ) आ. ६. उद्यमने. १ ઉદ્યોગ કરવો. २ ઊગામવું. गुरते वैश्यः વૈશ્ય ઉદ્યોગ કરેછે इ०.

गुर्द् (अ) आ. क्रीडायाम्. રમવું, ખેલવું. गूर्दते बालः બાળ રમેછે.

गूर्द्, (अ) उ. १०. निकेतने. વસવું. गूर्दयति-ते વસેછે.

गुर्द, (अ) उ. १०. पूर्वनिकेतने. पूर्वनिकेतनमाथो निवासमां पेहेलुं वसवुं. गूर्दयति–ते पेहेलुं वसेछे.

गुर्द, (ई) प. १. उद्यमने. १ उद्योग करवो, २ उंचाभवुं. गूर्वति वैश्यः वेश्य उद्योग करेछे इ०.

गुह्, (उ) उ. १. संवरणे. ढांकवुं, ओढाडवुं. गूहति–ते, निगूहति ते छिद्रं जनः जन छिद्रने ढांकेछे. गूढः, गुह्यम्, गह्वरम् (गुहा).

गूर्, (अ) आ. १०. उद्यमने भक्षणे च. १ उद्योग करवो, २ उंचाभवुं, ३ जमवुं. गूरयते वैश्यः वेश्य उद्योग करेछे. उद्गूरयते खड्गम्. खड्गने उगा [illegible]

[illegible]

गूर, [illegible] वुं. गूर्यते रिपुं बलवान् बळवान् शत्रुने हणेछे इ०. गूर्जरः (देशभेद).

गृ, प. १. सेचने. सिंचवुं. गरति भूमिं मेघः मेघ भूमिने सिंचेछे.

गृ, आ. १०. विज्ञाने विज्ञापने च. १ जाणवुं, अनुभववुं. २ जणावनुं. गारयते अनुभवेछे इ०.

गृज्, (अ) प. १. शब्दार्थः. शब्द करवो. गर्जति = गज्जइ = गाजे. गर्जनम्.

गृञ्ज्, (इ) प. १. शब्दार्थः. शब्द करवो. गृंजति शब्द करेछे. गृंजनम् (डुंगळी).

गृध्, (उ) प. ४. अभिकांक्षायाम्. इच्छवुं. गृध्यति इच्छेछे. गृद्धः (इच्छित), १ गर्दनः, २ गृध्नुः (लोभी), गृधिः (कांक्षा), गृध्रः = गीध (एक पक्षी).

गृह्, (ऊ) आ. १. ग्रहणे. ग्रहवुं, लेवुं, झालवुं. गर्हते झालेछे. गृढः (लीधो), गृढिः (ग्रहण), गृहम् = घर, गृहा (स्त्री).

गृह्, आ. १०. ग्रहणे. ग्रहवुं, लेवुं, झालवुं. गृहयते झालेछे.

गृ, प. ६. निगरणे. निगरणं भोजनम्. भोजन करवुं, जमवुं, खावुं. गिरति, लत्वे, गिलति मुलकं नरः नर मुळाने जमेछे. गिरः, लत्वे गिलः. अजगरः, १ गरः, लत्वे २ गलः (कंठ), निगारः, उद्गारः (ओरकार), गर्गरः (राजर्षि) गर्गरी = गागरी = गागरय (महाकुंभ). गर्गः (ऋषि), गर्त्तः (खाडो), गर्वः, गिरि (पर्वत), गर्मुत् (हेम), निगरणः (कंठ), गृष्टिः (एकवार जणनारी) गरद, (विष).

[illegible] सा छे.

(क्ष) आ. १. अनिच्छायाम्. अनिच्छा अन्वेषणम्. શોધવું, ખોળવું. गवेषते गां गोपालः गोवाळ गायने खोळेछे.

प. १. शब्दे. शब्द करवो. गायति गीतं नारी नारी गीतने गायछे. गीतम्, प्रगीतम्, गानम्, गेयम्, गीतिः, उपगीतिः, उद्गीतिः, गायकः (गानार), गाथा, गायनः (गानार), गायनी, सामगः, सामगी, उद्गीथः (ओंकार), उद्गाता (सामग).

गोम, उ. १०. उपलेपने. लिंपवु. गोमयति गोमयेन भूमिं यज्वा यज्वा गोमयथी भुमिने लिंपेछे. गोमयम् (छाणु).

गोष्ट. (अ) आ. १. संघाते. एकठुं करवुं. गोष्ठते धान्यं कृषिः कृषि दाणाने एकत्र करेछे.

ग्रथ्, (इ) आ. १. कौटिल्ये. कौटिल्यं कुसृतिर्बंधश्च. १ वांकुं जवुं, २ बांधवुं, गुंथवुं, गांठवुं. ग्रंथते गवयः रोझ वांको जायछे. ग्रंथते फुल्लानि माली माली फुलाने गुंथेछे. ग्रंथिः= गंठी = गांठ. ग्रंथः= गंठो = गांठो.

ग्रथ, (अ) प. ९. संदर्भे. संदर्भो ग्रंथनम्. गुंथवुं. ग्रथ्नाति ग्रंथं कविः कवि ग्रंथने गुंथेछे. ग्रंथः, ग्रंथिः= गंठी = गाठय.

ग्रथ, (अ) उ. १०. संदर्भे. संदर्भो बंधनम्. बांधवुं, गांठवुं, गुंथवुं. ग्रंथयति–ते, ग्रंथयति माल्यं माली माली फुलने गांठेछे. ग्रंथति = गंढइ = गांठे.

ग्रस्, (उ) आ. १. अदने. खावुं, जमवुं. ग्रसते मोदकं विप्रः विप्र लाडुने जमेछे. ग्रासः (कवळ), ग्रामः = गाम. ग्रीष्मः (ऋतुभेद).

ग्रस्, (अ) उ. १०. ग्रहणे. ग्रासवुं, लेवुं, ग्रहवुं. ग्रासयति–ते फलं जनः जन फलने लेछे.

ग्रह, (अं) उ. ९. उपादाने. उपादानं स्वीकारः. स्वीकारवुं, लेवुं, ग्रहवुं. गृह्णाति, गृह्णीते धर्मं धार्मिकः धार्मिक धर्मने ग्रहेछे. गृहम् = घर. ग्राहः (जळचर), गृहोली = घरोळी. विग्रहः = वढवाड (युद्ध), परिग्रहः (स्वीकार).

निग्रहः (અસ્વીકાર), अनुग्रहः (સ્વીકાર), आग्रहः = આગ્રહ, संग्रहः = સંગ્રહ, विग्रहः (શરીર), अवग्रहः (અનાવૃષ્ટિ), ग्रहः (જ્યોતિષ), ग्राहकः (લેનાર), गृहीता (कर + लेनार), फलेग्रहिः (ફલવૃક્ષ), ग्रहणम्, गृहकः (પત્તન). गृहीतः (લીધો).

ग्राम, उ. १०. आमंत्रणे. आमंत्रणं गूढोक्तिः. છાનું કહેવું, **ग्रामयति**-ते **मंत्री** મંત્રી છાનું કહેછે.

ग्रुच, (अ) प. १. स्तेयकरणे. ચોરવું. **ग्रोचति** **लक्षणं** **मोहनः** [redacted] ચોરેછે.

ग्लस, (अ) आ. १. अदने. જમવું, ખાવું. **ग्लसते** **तमोभुवनम्** [redacted] ખાયછે. ग्लासः (કોળિયો).

ग्लह, (अ) आ. १. ग्रहणे. ઝાલવું, લેવું, ગ્રહવું. **ग्लहते** **करकं** **यतिः** ... લેવો ગ્રહેછે.

ग्लुच, (उ) प. १. स्तेयकरणे. ચોરવું. ग्लोचति धनं चोरः ચોર ધનને ચોરેછે.

ग्लुंच, (उ) प. १. गतौ. જવું. **ग्लुंचति** **ग्रामं** **ग्राम्यः** ગામડિયો ગામને જાયછે.

ग्लेप, (ऋ) आ. १. दैन्ये कंपने गतौ च. ૧ દીન થવું, દીનતા કરવી. ૨ કંપવું, ૩ જવું. **ग्लेपते** **भिक्षुः** ભિક્ષુ દીનતા કરેછે ઇ०.

ग्लेव्, (ऋ) आ. १. सेवने. સેવવું. **ग्लेवते** **देवं** **नरः** નર દેવને સેવેછે.

ग्लेष, (ऋ) आ. १ अन्विच्छायाम् अन्विच्छा **अन्वेषणम्**. ખોળવું, શોધવું. ग्लेषते गवलीं पिंडारः પિંડારો ભેંસને ખોળેછે.

ग्लै, प. १. हर्षक्षये. हर्षक्षयो धात्वक्षयः. **धातु** **ओछी** થવી, બલહીન થવું. ગ્લાન થવું. ग्लायति विद्यो विद्यार्थी બલહીન થાયછે. ग्लानः (બલહીન), ग्लानिः (બલહીનતા, ગ્લાનિ).

घग्घ, (अ) प. १ हसने. [illegible] **घग्घति** હસેછે.

घट्, (अ, म, ष) आ. १. चेष्टायाम्, चेष्टा **ईहा**. ઘડવું, રચવું. **घटते** **घटं** **कुंभकारः** કુંભાર ઘડાને ઘડેછે. णौ- घटयति. **घटना** (રચના), **घटा** (રચના), घटः = ઘડો. घटी (મહાકુંભ), **घटितम्** = **घटिकं** = ઘડ્યું.

घट्, (अ) उ. १०. संघाते. એકઠું કરવું, મેળવવું, ગુંથવું. **घाटयति**-ते **कुपित** जनं साधु. સાધુ કોપેલા જનને મેળવેછે. उद्घाटयति - ઉઘાડવું ને

...टनम् = उद्घाटनं = ઉઘાડવું. उद्घाटित = ઉઘાડેલ ...

घट्, (अु) उ. १०. भाषार्थे भासार्थे च. १ બોલવું, २ દીપવું. घाटयति-ते पक्षी પંખી બોલેછે ઇ०.

घट्, (इ) उ. १०. भाषार्थे भासार्थे च. १ બોલવું, २ દીપવું घंटयति-ते कपोत. કપોત બોલેછે ઇ०. घंटा, निर्घंटः (નામકોશ).

घट्ट्, (अ) आ. १. चलने. ચળવું, કંપવું, ડોલવું. घट्टते કંપેછે. अरघट्टः (રેંટ), घट्टः = ઘાટ (નદીઉતરવાનું સ્થાન, તીર્થ).

घट्ट्, (अ) उ. १०. चलने. ચળવું, કંપવું. घट्टयति-ते કંપેછે. घट्टः ...
(નદી ઊતરવાનું સ્થાન), अरघट्टः (રેંટ).

घष्, (इ) आ. १. क्षरणे. ખરવું. घंषते ખરેછે.

घस्, (इ) आ. १. क्षरणे. ખરવું. घंसते ખરેછે.

घस्, (ऌ) प. १. अदने. ખાવું, જમવું. घसति ખાયછે. घस्ता, (ख... જમનાર), घस्तुम्, घस्मरः (ભક્ષક), घासः, घस्रः (દિન).

घिण्, (इ) प. १. ग्रहणे. ગ્રહવું, લેવું. घिण्णते ગ્રહેછે.

घु, (ङ्) आ. १. शब्दे. શબ્દ કરવો. घवते શબ્દ કરેછે. घूकः = ઘુડ.

घुट्, (अु) आ. १. परिवर्त्तने. परिवर्त्तनमित्यस्ततो भ्रमणम्. અહિંતહિં ભમવું, રખડવું घोटते मत्तार्थी प्रवासी અહિંતહિં રખડેછે. घोटः = ઘોડો. घोटकः, घुटः, घुटिका (ઘુંટી).

घुट्, (अ) प. ६ [illegible] घुटति ગોઠેછે. घुटति = घुटइ = घु... [illegible] १ घोटः, २ घोटकः (ઘોડો).

घुण्, (अ) आ. १. भ्रमणे. ભમવું. घोणते ભમેછે. घुणित., घोणा (નાસિકા), घुणः (કાષ્ઠકીટ, મહિયડ).

घुण्, (अ) प. ६. भ्रमणे. ભમવું. घुणति ભમેછે. घुणः (મહિયડ), घोणा (નાસિકા), माघुणः = પ્રાહુણો.

घुण्, (इ) आ. १. ग्रहणे. ગ્રહવું. લેવું. घुण्णते ...

घुर्, (अ) प. ६. भीमार्थशब्दयोः. १ ભય કરવો, ડરાવવું. २ શબ્દ કરવો. घुरति [illegible] घोरम् ([illegible]), घुर्घुर (અનુકરણ શબ્દ ઘમઘાટ).

घुष्, (अ) प. १. शब्दे. શબ્દ કરવો. **घोषति हरिं भक्तः** ભક્ત હરિને ઘોષે છે. घोषति = गोखइ = ગોખે. घोषणम् = ગોખવું. घोषः (ઘાંટો).

घुष्. (अ) आ. १. कांतिकरणे. ચકચકતું કરવું. **घोषते** ચકચકતું કરે.

घुष्, (इ) आ. १. कांतिकरणे. ચકચકતું કરવું. **घुंषते** ચકચકતું કરે.

घुष्, (इर्) प. १. अविशब्दने शब्दे च. ૧ ઝીણો શબ્દ કરવો, ૨ શબ્દ કરવો. घोषति ઝીણો શબ્દ કરે છે. इ०. घोषः (રબારી વાડો).

घुष्, (इर्) उ. १०. विशब्दने विशब्दनं विशिष्टशब्दकरणं, नानाशब्दनं वा. ૧ ઘણ[illegible]. ઘાંટો પાડવો. ૨ વિવિધ શબ્દ કરવા. **घोषयति–ते. घोषति.** उद्घोषयति–ते. उद्घोषयति ઘાંટો કાઢે છે, રામ ગાય છે.

घूर्, (ई) आ. ४. हिंसावयोहान्योः ૧ હણવું. ૨ જુનું થવું, વૃદ્ધ થવું. **घूर्यते** [illegible] इ०.

घूर्ण्. (अ) आ. १. भ्रमणे. ભમવું, ઘુમવું. **घूर्णते मत्तः** માતો ઘુમે છે. **घूर्णते** = घुम्मइ = ઘુમે.

घूर्ण्. (अ) प. ६. **भ्रमणे.** ભમવું, ઘુમવું. **घूर्णति** ભમે છે. **घूर्णितः** (ભમેલ), घूर्णिः (ભ્રમણ).

घृ. प. ६. सेचने. સિંચવું. **घरति दग्धं पयसा नरः** નર દાઝેલાને પાણીથી સિંચે છે. घारः (સિંચન), **घर्घरीका** (ઘંટડી), **घृतम्** = घिअं = ઘી. **घर्मः** = घम्मो = ઘામ, घृणा (દયા).

घृ, प. ३. (त्रै०) क्षरणदीप्त्योः. ૧ [illegible], ઝરવું. ૨ પ્રકાશવું. પ્રદીપ્ત કરવું. जिघर्ति जलम् પાણી ઝરે છે. **जिघर्ति वन्हिं घृतेन होता** હોતા ઘીવડે અગ્નિને પ્રકાશે છે.

घृ. उ. १०. **प्रस्रवणे प्रस्रावणे च.** ૧ ઝરવું, ૨ ઝરાવવું. **घारयति–ते** ઝરે છે.

घृण्, (इ) आ. १. ग्रहणे. ગ્રહણ કરવું, ઝાલવું, લેવું. घृण्णते ઝાલે છે.

घृण्, (उ) उ. ८. दीप्तौ. દીપવું. **घृणोति, घृणुते.** घर्णोति, घर्णुते દીપે છે. घृतम्, घृणा (દયા), घृतिः (દીપ્તિ).

घृष्. (उ) प. १. संघर्षे. १ [illegible]

સ્પર્ધા [illegible] घर्षणम्, घृष्टि.

घ्रा, प. १. गंधोपादाने. સુંઘવું, વાસલેવી. जिघ्रति पुष्पं नरः નર ફુલને સુંઘેછે. १ घ्राणः, २ घ्रातः (સુંઘેલ), व्याघ्रः = વાઘ

ङु, (ङ्) आ. १. शब्दे. શબ્દ કરવો. ङवते શબ્દ કરેછે.

चक्, (अ) प. १. (सौ०) भ्रांती. ભમવું, ધુમવું. चकति ભમેછે. चकितः (ભ્રાંત).

चक्, (भ्) आ. १. तृप्ती प्रतीघाते दीप्ती च. १ તૃપ્ત થવું. २ રોકવું. ३ દીપવું. चकते તૃપ્ત થાયછે. इ०. चकितः (બીનેલ), चकोरः (ચકોર પક્ષી).

चक्, (अ, म्) प. १. तृप्तौ. તૃપ્ત થવું. चकति તૃપ્ત થાયછે. णौ–चकयति.

चक्क्, (अ) उ. १०. व्यथने. પીડવું, નડવું, દુઃખદેવું. चक्कयति–ते પીડેછે. चिकर्ष = ચીકણું.

चकास्, (ऋ) प. २. दीप्ती. દીપવું. चकास्ति દીપેછે.

चक्ष. [illegible] સ્પષ્ટ બોલવું, કહેવું. २ જોવું, દેખવું [illegible] इ०. चक्षुः, विचक्षणः, ख्यादेशे–ख्यातः, व्याख्यानम्, व्याख्या (ટીકા).

चंच्, (उ) प. १. गत्यर्थः. જવું, चंचति જાયછે. चंचलः, चंचरीकः, (ભ્રમર), चंचुः = ચાંચ.

चट्, (ए) प. १. वर्षावरणयोः. १ વરસવું, २ ઢાંકવું, ઓઢાડવું, ચડવું. चटति मेघः મેઘ વરસેછે. इ०. चटति = चडइ = ચડે. चटितः = चडिओ = ચડ્યો.

चट्, (अ) उ. १०. भेदने. ફોડવું, ભેદવું. चाटयति–ते. चटति = चडइ = ચડે. उच्चाटयति, उच्चाटनम्, चटकः (ચકલો), चटका (ચકલી).

चंड्, (ङ) आ. १. कोपे. કોપવું. चंडते કોપેછે. चंडः (કોપન), चंडी (१ [illegible], २ पार्वती), प्रचंडः, चंडालः.

चंड्, (अ) उ. १०. कोपे. કોપવું. चंडयति–ते કોપેછે. चंडः (કોપવાળો), १ नदी, २ चंडिका (પાર્વતી).

